**સુપર સોલ્ટ**
(આરોગ્યપ્રદ મીઠું)
સેંધા નમક હોલસેલ ભાવે મળશે
**ભોજનમાં શુધ્ધ મીઠાનો ઉપયોગ કરો**
**શરીર માટે ઉપયોગી સિંધવ મીઠું કઈ રીતે બેસ્ટ છે ?**
શ્વસન પ્રક્રિયા માટે | ગર્ભાવસ્થા માટે | માંસપેશીઓ માટે
પાણીની અછત સામે | સ્કીનની સાચવણી માટે | બ્લડપ્રેશર માટે
હોલસેલ ડેપો સુપર સોલ્ટ બેંક ઓફ બરોડા પાસે, પાંડેસરા G.I.D.C. સુરત.
રીટેઈલ કાઉન્ટર ઋષભ ટાવર પાસે,નવયુગ પોસ્ટ ઓફિસની નીચે અડાજણ, સુરત. Call : 98795 06947
દોરીયાવાડ મસ્જિદ પાસે, સલાબતપુરા, સુરત.
વેપારી પૂછપરછ માટે
Call : 91066 97544



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



**શું આપની ટાંકી ઉભરાય છે?**
**શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?**



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
**અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ**
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ચૈત્ર વદ ત્રીજ, બુધવાર ૧૬ એપ્રિલ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૩૭

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# નેશનલ હેરાલ્ડ કેસ: સોનિયા, રાહુલ સામે EDની ચાર્જશીટ

**આ કેસમાં** સોનિયા, રાહુલ સામે પ્રથમ વખત આરોપનામુ મૂકાયું: સામ પિત્રોડા અને સુમન દુબે સહિત અન્યોના પણ આરોપી તરીકે નામો

**ચાર્જશીટ** દાખલ કરી ખાસ કોર્ટે વધુ કાર્યવાહી ૨૫ એપ્રિલ પર મુલતવી રાખી

**નવી દિલ્હી, તા. 15 :** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો સામે એક આરોપનામુ મૂક્યું છે જેમાં કથિત રીતે રૂ. ૯૮૮ કરોડનું મની લોન્ડરિંગ કરવાનો આરોપ તેમના પર મૂકવામાં આવ્યો છે.

સ્પેશ્યલ જજ વિશાલ ગોગનેએ આ આરોપનામુ તપાસ્યું હતું, જે ૯ એપ્રિલે અદાલતમાં રજૂ કરવામાં આવ્યું હતું. જજે આ બાબત વધુ

...અનુસંધાન પાના 9 પર





## કોંગ્રેસ દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે

**નવી દિલ્હી.** કોંગ્રેસે મંગળવારે નેશનલ હેરાલ્ડની સંપત્તિ જપ્ત કરવા માટે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની નિંદા કરી હતી અને આ કાર્યવાહીને કઠોર ગણાવીને રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી. ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી (એઆઈસીસી)ના મહાસચિવ કે.સી. વેણુગોપાલે એમ પણ કહ્યું કે, 1938માં જવાહરલાલ નેહરુ દ્વારા સ્થાપિત નેશનલ હેરાલ્ડે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં

...અનુસંધાન પાના 9 પર

## નેશનલ હેરાલ્ડ કેસમાં શું છે?


નેશનલ હેરાલ્ડ એ કોંગ્રેસ દ્વારા અગાઉ ચલાવાતું બંધ પડી ગયેલું અખબાર છે. તેની માલિકીની મિલકતો સંદર્ભમાં ગેરરીતિઓ કરવા અંગેનો આ કેસ છે જે ભાજપના નેતા સુબ્રહ્મણિયમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવેલ ફરિયાદ પછી શરૂ થયો હતો. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે 26 જૂન, 2014 ના રોજ ભાજપ નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરાયેલી ખાનગી

...અનુસંધાન પાના 9 પર

## કોંગ્રેસે આને રાજકીય કાવતરું ગણાવ્યું, ભાજપ કહે છે લૂંટના નાણા પરત કરવા પડશે

**નવી દિલ્હી.** કોંગ્રેસે મંગળવારે નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ EDની ચાર્જશીટને બદલાની રાજનીતિ ગણાવી અને દાવો કર્યો કે આ કેસમાં સંપત્તિ જપ્ત કરવી એ કાયદાના શાસનનો ઢોંગ કરીને કરવામાં આવેલ સરકાર પ્રાયોજિત ગુનો છે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કેટલાક અન્ય લોકો સામે ચાર્જશીટ દાખલ કરવી એ વડા પ્રધાન અને ગૃહ પ્રધાન દ્વારા બદલો લેવાની અને ધાકધમકી આપવાની રાજનીતિ સિવાય બીજું કંઈ નથી એમ કોંગ્રેસના મહાસચિવ અને સંદેશાવ્યવહાર પ્રભારી જયરામ રમેશે X

...અનુસંધાન પાના 9 પર



■ ઇરાકના મધ્ય અને દક્ષિણ ભાગોમાં રેતીનું તોફાન સર્જાયું હતું જેને કારણે એક હજાર જેટલા લોકોને શ્વસનની તકલીફ ઉભી થઇ હતી. મુથન્ના પ્રાંતના એક અધિકારીએ ઓછામાં ઓછા 700 એવા કેસોની જાણ કરી હતી જે ગૂંગળામણના હતા.ઓનલાઈન શેર કરાયેલા ફૂટેજમાં વિસ્તારો નારંગી રંગના જાડા રેતીના ગોટેગોટાથી ઢંકાયેલા દેખાયા હતા, સ્થાનિક મીડિયાએ ઘણા પ્રદેશોમાં વીજળી કાપ અને ફ્લાઇટ્સ સ્થગિત કરાઇ હોવાના અહેવાલ પણ આપ્યા હતા. ઇરાકમાં ધૂળના તોફાનો સામાન્ય છે, પરંતુ કેટલાક નિષ્ણાતો માને છે કે હવામાન પરિવર્તનને કારણે તે વારંવાર આવી રહ્યા છે.

## ન્યૂયોર્ક સિટીએ 14 એપ્રિલ, 2025ને ડો. બી.આર. આંબેડકર દિવસ તરીકે ઘોષિત કર્યો



**ન્યૂયોર્ક, તા.૧૫ (PTI).** મેયર એરિક એડમ્સે આ વર્ષે ૧૪ એપ્રિલને ન્યૂયોર્ક સિટીમાં ડો. બી. આર. આંબેડકર દિવસ તરીકે જાહેર કર્યો છે, જ્યાં તેના ૮૫ લાખ રહેવાસીઓ આ દિવસની ઉજવણી કરે છે. એમ મેયર ઓફિસના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું. ન્યૂયોર્ક સિટી મેયર ઓફિસ ફોર ઇન્ટરનેશનલ અફેર્સ માટે ડેપ્યુટી કમિશનર દિલીપ ચૌહાણે અહીં આ જાહેરાત કરી હતી. આ પ્રસંગે સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્ય મંત્રી ડો. રામદાસ આઠવલે પણ હાજર હતા, જેમણે સોમવારે આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિની ઉજવણી માટે યુએન હેડક્વાર્ટરમાં આયોજિત એક ખાસ કાર્યક્રમમાં મુખ્ય ભાષણ આપ્યું હતું. આઠવલેએ ફોટા અને વીડિયો સાથે એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, ''ન્યૂયોર્કમાં યુએન મુખ્યાલય ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ એક ઐતિહાસિક ક્ષણ તરીકે એનવાયસી મેયર ઓફિસ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. બાબાસાહેબના ન્યાય અને સમાનતાના વૈશ્વિક વારસાને માન આપવા બદલ એનવાયસી મેયર અને ડેપ્યુટી કમિશનર દિલીપ ચૌહાણનો હૃદયપૂર્વક આભાર.''

# હરિયાણામાં જમીન સોદા કેસમાં ઈડીએ રોબર્ટ વાડ્રાનું નિવેદન નોંધ્યું

**વાડ્રાએ** આ કાર્યવાહીને રાજકીય બદલો ગણાવ્યો આજે ફરી તેમને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે

**નવી દિલ્હી, તા. 15 (PTI):** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે 2008ના હરિયાણા જમીન સોદા સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના બનેવી અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાની લગભગ 5 કલાક સુધી પૂછપરછ કરી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

તેમને બુધવારે ફરીથી બોલાવવામાં આવ્યા છે જ્યારે તેમની વધુ પૂછપરછ



કરવામાં આવશે. એજન્સી દ્વારા તેમને સમન્સ પાઠવવાના પગલાને 'રાજકીય બદલો' ગણાવતા, વાડ્રાએ કહ્યું કે તેમણે અગાઉ પૂછપરછ દરમિયાન (અલગ અલગ મની લોન્ડરિંગ કેસોમાં) ઈડી સાથે કલાકો વિતાવ્યા હતા, હજારો પાના તેમને આપ્યા હતા, પરંતુ તેમ છતાં એજન્સી તેમની સામે કેસ વધારી રહી છે.

...અનુસંધાન પાના 9 પર

# આ વર્ષે ચોમાસામાં સામાન્ય કરતા વધુ વરસાદની આગાહી

**આ સીઝનમાં** અલ નીનોની સ્થિતિ વિકસીત નહીં થાય

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): આગામી નૈઋત્ય ચોમાસાની મોસમમાં ભારતમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની અપેક્ષા છે, જેનાથી મોટાભાગે કૃષિ આધારિત અર્થતંત્ર માટે પુષ્કળ પાકની આશા જાગી છે, એમ ભારતીય હવામાન ખાતાએ મંગળવારે જણાવ્યું હતું.

લાંબા ગાળાના ચોમાસાની આગાહી મુજબ, આઈએમડીએ કહ્યું હતું કે તમિલનાડુ અને ઉત્તરપૂર્વીય પ્રદેશના મોટા ભાગોમાં સામાન્યથી



ઓછો વરસાદ પડવાની શક્યતા છે, જ્યારે મરાઠવાડા અને પાડોશી તેલંગાણાના વરસાદની અછત ધરાવતા ભાગોમાં સામાન્યથી વધુ વરસાદ પડે એવી અપેક્ષા છે.

ભારતમાં ચાર મહિનાના ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર) દરમિયાન સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની શક્યતા છે, જેમાં 87

...અનુસંધાન પાના 9 પર

### આ રાજ્યોમાં ઓછા વરસાદની અપેક્ષા

જમ્મુ કાશ્મીર, લડાખ, તમિલનાડુ, બિહાર અને ઉત્તરપૂર્વી રાજ્યોના ભાગોમાં સામાન્ય કરતા ઓછા વરસાદની અપેક્ષા છે.

### આ રાજ્યોમાં સામાન્ય વરસાદની આગાહી

મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઓડિશા, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં સામાન્યથી સામાન્ય કરતાં વધુ વરસાદની અપેક્ષા છે, આ રાજ્યો મુખ્ય મોનસુન ઝોન બનાવે છે.




### શાહ-પવાર વચ્ચે વ્યક્તિગત હુમલાઓ

એ વાત જાણીતી છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના દિગ્ગજ નેતા શરદ પવાર સાથે ઉષ્માભર્યા સંબંધો ધરાવે છે. જોકે, તેમના નજીકના વિશ્વાસુ અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ વિશે એવું કહી શકાય નહીં, જેઓ તાજેતરમાં ૮૪ વર્ષના પવાર પર વ્યક્તિગત હુમલાઓ કરી રહ્યા છે, જેના કારણે ભાજપમાં પણ ઘણા લોકો ભ્રમિત થયા છે. શાહનો વિરોધ ત્યારથી શરૂ થયો હતો જ્યારે પવાર મહારાષ્ટ્રના ખેડૂતો દ્વારા લાવવામાં આવેલા દાડમ ભેટ આપવા માટે વડા પ્રધાનને મળ્યા હતા. મોદી-પવારની મુલાકાતથી એનસીપીના બે જૂથો એકસાથે આવવા અને ભાજપમાં ગરમાવો લાવવાની ચર્ચા શરૂ થઈ ગઈ. દિલ્હીના

...અનુસંધાન પાના 9 પર

# છુટક ફુગાવો 6 વર્ષની અને જથ્થાબંધ ફૂગાવો 6 માસની નીચલી સપાટીએ

**જથ્થાબંધ** ફુગાવો 2.05 ટકા થયો, રિટેલ ફૂગાવો 3.34 ટકા

ફુગાવો કોરોના મહામારી પહેલાંના સ્તર પર પહોંચ્યો, ફરી વ્યાજદર ઘટવાની આશા

નવી દિલ્હી, તા. 15 (PTI): માર્ચ મહિનામાં શાકભાજી, ઈંડા અને પ્રોટીનયુક્ત વસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે છૂટક ફુગાવો લગભગ 6 વર્ષની નીચલી સપાટી 3.34 ટકા પર પહોંચી ગયો હતો, જેના પગલે આરબીઆઈ દ્વારા ત્રીજી વખત દરમાં ઘટાડાની આશા જાગી છે જ્યારે ફુગાવો 4 ટકાના સરેરાશ લક્ષ્યાંકથી નીચે છે. ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઈ) આધારિત ફુગાવો ફેબ્રુઆરીમાં 3.61 ટકા અને ગયા વર્ષે માર્ચમાં 4.85 ટકા હતો. ફુગાવાનો દર ઓગસ્ટ 2019માં 3.28 ટકા હતો ત્યારબાદ માર્ચ

...અનુસંધાન પાના 9 પર

### શાકભાજીમાં જથ્થાબંધ ફુગાવો ઘટ્યો

બટાકામાં જથ્થાબંધ ફુગાવો, જે ફેબ્રુઆરી 2024થી બે આંકડામાં વધી રહ્યો હતો માર્ચ 2025માં ઘટ્યો હતો. માર્ચ 2025માં બટાકામાં ફુગાવો 6.77 ટકા હતો. ડુંગળીમાં ફુગાવો ફેબ્રુઆરીમાં 48.05 ટકાની સરખામણીમાં માર્ચમાં 26.65 ટકા થયો હતો. જો કે માર્ચમાં ઉત્પાદિત વસ્તુઓમાં 3.07 ટકાનો વધારો જોવા મળ્યો હતો જે ફેબ્રુઆરીમાં 2.86 ટકા હતો. ફેબ્રુઆરીમાં 0.71 ટકાના ઘટાડા સામે માર્ચમાં ઈંધણ અને વીજળીમાં પણ 0.20 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

### રિઝર્વ બેંકે ફુગાવાનો અંદાજ 4 ટકા રાખ્યો છે

રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ 2025-26 માટે સીપીઆઇ ફુગાવાનો અંદાજ 4 ટકા રાખ્યો છે, જેમાં પ્રથમ ત્રિમાસિકમાં 3.6 ટકા, બીજા ત્રિમાસિકમાં 3.9 ટકા, ત્રીજા ત્રિમાસિક 3.8 ટકા અને ચોથા ત્રિમાસિકમાં 4.4 ટકા રહેશે. 9 એપ્રિલના રોજ દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતી વખતે, આરબીઆઈએ વધુ એક વખત દરમાં ઘટાડાનો સંકેત આપ્યો હતો.

# આગામી 15 દિવસમાં નવી ટોલ નીતિ

**દેશભરમાંથી** તમામ ટોલ પ્લાઝા હટાવી દેવામાં આવશે: ગડકરી

**સેટેલાઈટ** મારફતે ટોલ આપમેળે જ કપાઈ જશે

**નવી દિલ્હી, તા. 15:** ભારત સરકારમાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ હાલમાં જણાવ્યું હતું કે દેશભરમાં નવી ટોલ પોલિસી લાગુ થશે. આગામી 10થી 15 દિવસોમાં તેને લાગુ કરવામાં આવી શકે છે, એમ પીટીઆઈના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. ગડકરીએ સાથે જ એમ પણ કહ્યું હતું કે 'આવનારા સમયમાં દેશભરમાંથી તમામ ટોલ પ્લાઝા હટાવવામાં આવશે.' નીતિન ગડકરીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે 'દેશભરમાંથી ટૂંક સમયમાં ફિજીકલ ટોલ બૂથ હટાવી દેવામાં આવશે. આ સાથે જ તેમણે નવી ટોલ પોલિસીની પણ માહિતી આપી હતી. 'હું અત્યારે તે અંગે વધુ માહિતી નહીં

...અનુસંધાન પાના 9 પર

# બળાત્કાર કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટની ટિપ્પણીઓની સુપ્રીમે ટીકા કરી: જજોએ સાવધ રહેવું જોઇએ

**'પાયજામાનું** નાડુ ખેંચવુ એ બળાત્કારનો પ્રયાસ ગણાય નહીં' વાળી ટિપ્પણી અંગેના સુઓ મોટો કેસની સુનાવણી ચાર સપ્તાહ મોકૂફ

**નવી દિલ્હી, તા. 15 (PTI):** મંગળવારે સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટની બળાત્કારના કેસમાં તાજેતરની તે ટિપ્પણી સામે વાંધો ઉઠાવ્યો હતો, જેમાં કોર્ટે ફરિયાદીએ પોતે જ મુશ્કેલીને આમંત્રણ આપ્યું હોવાનું જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ન્યાયાધીશોએ ખૂબ જ સાવચેત રહેવું જોઈએ.

જો કોઈ જામીન આપવા માંગતું હોય તો તે ઠીક છે પણ શા માટે આવા અવલોકનો કરવામાં આવે છે કે તેણીએ મુશ્કેલીને આમંત્રણ આપ્યું છે અને આવું બધું... આ બાજુ(બેન્ચ)એ પણ ખૂબ કાળજી રાખવી જોઈએ એમ કહેતા જસ્ટિસ બી.આર. ગવઇએ જામીન અરજીનો નિર્ણય લેતી વખતે આવી ટિપ્પણીઓ શા માટે કરવામાં આવી તે અંગે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું હતું. હાઇકોર્ટે તાજેતરમાં એક બળાત્કાર કેસમાં આરોપીને જામીન આપ્યા

...અનુસંધાન પાના 9 પર

તા. ૧૪-૦૪-૨૦૨૫નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૦° સે. | ૨૪.૧° સે. | ૪૧% |

# ટ્રમ્પ સરકારે હાર્વર્ડ યુનિવર્સિટીને અપાતી 2.2 બિલિયન ડોલરની સહાય અટકાવી

**ટ્રમ્પે કરેલી કેટલીક માગણીઓ યુનિવર્સિટીએ માની ન હતી**

**આ માગણીઓ** પેલેસ્ટિનિયન તરફી પ્રદર્શનકારીઓને લક્ષ્ય બનાવતી હોય એવી લાગતી હતી

**બોસ્ટન, તા. 15 (AP):** અમેરિકી સરકારે કહ્યું હતું કે તે હાર્વર્ડ યુનિવર્સિટીને અપાતી 2.2 બિલિયન ડોલરની સહાય અને કરારો અટકાવી રહી છે, સંસ્થાએ સોમવારે કહ્યું હતું કે તે કેમ્પસમાં આંદોલન વિગેરેની પ્રવૃત્તિઓને મર્યાદિત કરવાની ટ્રમ્પ સરકારની માગને માનશે નહીં.

શુક્રવારે હાર્વર્ડને લખેલા પત્રમાં વહીવટીતંત્રએ વ્યાપક સરકાર અને નેતૃત્વ સુધારાઓની માગ કરી હતી, એક આવશ્યકતા એ હતી કે હાર્વર્ડ મેરિટ-આધારિત પ્રવેશ અને ભરતી નીતિઓ સ્થાપિત કરે અને વિવિધતા અંગે તેમના મંતવ્યો પર અભ્યાસ સંસ્થા, ફેકલ્ટી અને નેતૃત્વનું ઓડિટ કરે. અગાઉના પત્રથી વધારાની માગણીમાં ચહેરાના માસ્ક (બુરખા) પર પ્રતિબંધ મૂકવાની પણ માગ છે જે પેલેસ્ટિનિયન તરફી પ્રદર્શનકારીઓને લક્ષ્ય બનાવતી હોય એવી લાગતી હતી. તેમણે યુનિવર્સિટી પર ગુનાહિત પ્રવૃત્તિ, હિંસા અથવા ગેરકાયદેસર સતામણીને સમર્થન આપતા અથવા પ્રોત્સાહન આપતા વિદ્યાર્થી જૂથ અથવા ક્લબને માન્યતા આપવા અથવા ભંડોળ આપવાનું બંધ કરવા

...અનુસંધાન પાના 9 પર


**રૂપિયા સારૂ થયા પછી**
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા,ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર,બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે



વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
**સંજીવની આયુર્વેદિક**
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શારદીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202